ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોનો સંદર્ભે કામ પર પડતા ખર્ચે પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**પરિપત્ર ક્રમાંક : પરચ – ૧૦૨૦૦૮ – (૬૧) – સી**
**તા. ૦૩–૦૫–૨૦૧૩**
**વંચાણે લીધા : પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૨૦૦૮–(૬૧)–સી તા. ૨૭–૧૧–૨૦૦૮**

**આમુખ :–**

ટેન્ડરમાં ઈજારદારશ્રીઓ ધ્વારા ભરાતા Imbance ભાવો વાળા ટેન્ડરના કિસ્સાઓમાં ઈજારદારશ્રીઓ ધ્વારા ઉંચા ભાવની આઈટમોની કામગીરી કર્યા બાદ નીચા ભાવાની આઈટમોની કામગીરી ન કરવામાં આવે તેવી પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા માટે તા. ૨૭–૧૧–૨૦૦૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ. આ પરિપત્ર અંગે વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતાં અને તેના પર મુખ્ય વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી "આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પુર્ણ થયે ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છુટી કરવામાં આવે તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો :–**

"આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકીય પ્રગતિનાં પ્રમાણસર રનીગ બીલમાંથી છુટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કિસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સામે વીથલેન્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીગ બીલમાંથી છુટી કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર ના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંક – ૮ રદ કરવામાં આવે છે.

ઉપરોકત સુધારાનો અમલ આ પરિપત્રની તારીખ પછી મંજુર થતા ડી.ટી.પી. માં અચુકપણે કરવાનો રહેશે.

**(આર.કે. ચૌહાણ)**
**ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)**
**માર્ગ અને મકાન વિભાગ**

**પ્રતિ,**
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ (પાટનગર યોજના વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ સહિત)
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, (પંચાયત) મા.મ. વિભાગ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ. વિભાગ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (પંચાયત) મા.મ. વિભાગ.

**નકલ રવાના :–**

૧. અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઈજનેર અને અ.શ્રીઓ, મા.મ. વિભગા.
૩. સર્વે તાંત્રિક ઉપ સચિવશ્રીઓ, મા.મ. વિભાગ.
૪. ના.કા.ઈ.શ્રીઓ, મા.મ. વિભાગ.
૫. નાણાં શાખા, મા.મ. વિભાગ.
૬. ના.સે.અ., સી. શાખા, મા.મ. વિભાગ, સિલેકટ ફાઈલ.
૭. શાખા સિલેકટ ફાઈલ–૨૦૧૩

ટેન્ડર ફોર્મ બી–૨ ના કોન્ટ્રાકટરોની માર્ગદર્શન માટે સામાન્ય નિયમો અને સુચનાઓ સૂચન નં–૧૮ માં સ્પષ્ટતા કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**ક્રમાંક : ટીએનસી–૧૦–૨૦૧૩–(૦૨)–સી**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૦–૦૫–૨૦૧૩**

સંદર્ભ :– મા.મ. વિભાગના ઠરાવ ક્ર. ટીએનસી–૧૦૯૦–(આઈબી–૨૨)–(૧૦)–સી તા. ૧૯–૦૫–૧૯૯૦

**આમુખ :–**

ઉપરોક્ત વિષય અન્વયે ના સંદર્ભીત ઠરાવ માં સૂચન નં.–૧૮ માં 'આ કામ માટે ટેન્ડરો રજીસ્ટર ટપાલ ધ્વારા રવાના કરવામાં આવે ત્યારબાદ ટેન્ડર પર સ્વિકારવાની સૂચિત તારીખથી ૯૦/૧૨૦ દિવસ સુધી ઓફર ખુલ્લી રહેશે." તેમ દર્શાવેલ છે.

હવે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં. એસપીઓ–૧૦૨૦૦૫–૧૪૦૭–સીએચ તા. ૨૨–૧૧–૨૦૦૬ ના સંદર્ભે કામોના ટેન્ડર Online માંગવામાં આવે છે અને ઉપરના સૂચન નં. ૧૮ માં "ટેન્ડર પર સ્વિકારવાની સૂચિત તારીખથી ૯૦ / ૧૨૦ દિવસ સુધી ઓફર ખુલ્લી રહેશે." તેવી જોગવાઈ ના કારણે ટેન્ડરની વેલીડીટીમાં વિસંગતતા ઉભી થવા બાબતની ગુજરાત કોન્ટ્રાકટર એસોસીએશન ની વિવિધ સ્તરે રજુઆતો મળેલ છે. આ રજુઆતો પર પુખ્ત વિચારણાને અંતે આ બાબતે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**સ્પષ્ટતા :–**

"Online Tender System માં સીગલ કવર સીસ્ટમ વાળા ટેન્ડરોમાં ટેન્ડર વેલીડીટીનો સમય ટેન્ડર ઓનલાઈન ખોલ્યા તારીખથી જયારે ટુ કવર સીસ્ટમમાં ટેન્ડર વેલીડીટીનો સમય ટેકનીકલ બીડ ખોલ્યા તારીખથી ગણવાનો રહેશે."

**(આર.કે. ચૌહાણ)**
**ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)**
**માર્ગ અને મકાન વિભાગ**